રાજયની એક લાખથી ઓછી વસ્તી ધરાવતી
નગરપાલિકાઓને ચૂંટણી ખર્ચ માટેનું સહાયક
<u>અનુદાન મંજૂર કરવાનાં નિયમો ઘડવા બાબત.</u>

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:નપલ/૧૦૦૩/૯૮૫/મ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૦/૫/૨૦૦૩.

<u>વંચાણમાં લીધાં:-</u>

(૧) ગુજરાત નાણા પંચનાં ત્રીજા અને આખરી અહેવાલની ભલામણ ક્રમાંક:૧૨-૬

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૫/૯/૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક:નપલ/૪૫૨૦૦૦/૪૮૪૭/મ,

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૬/૧૨/૨૦૦૧ નો પ.ક્ર:નપલ/૪૫૨૦૦૧/૪૪૫૪/મ,

<u>આ મુ ખ :-</u>

૭૩ મા અને ૭૪ મા બંધારણીય સુધારાથી બંધારણનાં અનુચ્છેદ-૨૪૩(આઇ) અને
૨૪૩(વાય) ની જોગવાઇઓ અનુસાર પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનાં તા.૧૫/૯/૯૪ નાં
જાહેરનામા અન્વયે રચાયેલ ગુજરાત નાણા પંચે શહેરી સ્થાનિક સંસ્થાઓને સંબંધિત ત્રીજો અને
આખરી અહેવાલ રાજય સરકારને સુપ્રત કરેલ જેમાં ફકરા ક્રમાંક:૧૨.૬.૩ માં રાજય સરકાર જેમ
ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી અંગેનું ખર્ચ ભોગવે છે તેમ નગરપાલિકાઓની ચૂંટણી અંગેનો
ખર્ચ પણ રાજય સરકાર ભોગવે તો નાની સ્થાનિક સંસ્થાઓ પર આર્થિક બોજો હળવો કરવા કરેલ
ભલામણનો રાજય સરકારે અંશત:સ્વીકાર કરી રાજયની એક લાખથી ઓછી વસ્તી ધરાવતી
નગરપાલિકાઓની ચૂંટણી અંગેનાં મતદાર યાદી તૈયાર કરવાનો, છપાવવાનો, પ્રસિધ્ધ કરવાનો ખર્ચ,
ચૂંટણી અંગેનાં મંજૂર થયેલ મહેકમનાં પગાર ભથ્થાનો ખર્ચ, ચૂંટણી સંચાલન ખર્ચ તથા ચૂંટણી માટે
જરૂરી સ્ટેશનરી, પ્રિન્ટીંગ વગેરેનો તમામ આનુસાંગિક ખર્ચ રાજય સરકાર દ્વારા કરવામાં આવશે તેવું
ઉપર વંચાણમાં લીધા-૨ આગળનાં ઠરાવથી નિયત કરેલ .

જેમાં ઉપર વંચાણમાં લીધા-૩ આગળનાં પત્રથી અત્રેથી અપાતા સહાયક અનુદાનમાંથી ક્યાં
ખર્ચાઓ કરી શકાશે તેમજ કેવાં ખર્ચા કરી શકાશે નહિ તે તેમજ નગરપાલિકાનાં દરે મતદાન મથકદીઠ
રૂા.૧૨,૦૦૦/- નું અનુદાન ફાળવવાનું નકકી કરીને તેમજ તેની મર્યાદામાં રહીનેજ નગરપાલિકાઓએ
ચૂંટણી ખર્ચ કરવાનું રહેશે તેમજ અન્ય જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ.

નાણાં વિભાગ દ્વારા ખર્ચ અંગેના ભલામણનો સ્વીકાર કરતી વખતે વિગતે ચકાસણી કરી ગ્રાન્ટ
ઇન એઇડનાં નિયમો તૈયાર કરી મંજૂરી મેળવવાનું સૂચવવામાં આવેલ તે મુજબ સરકારે પુખ્ત
વિચારણાને અંતે રાજયની એક લાખથી ઓછી વસ્તી ધરાવતી નગરપાલિકાઓને ચૂંટણી ખર્ચ માટેનું
સહાયક અનુદાન મંજૂર કરવા બાબતે નીચે મુજબનાં નિયમો કરવામાં આવે છે.

# ચૂંટણી ખર્ચ અનુદાન અંગેના નિયમો

| | | |
|---|---|---|
| (૧) | ટૂંકુ નામ | : આ નિયમો નગરપાલિકા ચૂંટણી ખર્ચ અનુદાન અંગેના નિયમો કહેવાશે. |
| (૨) | કોને લાગુ પડશે | : આ નિયમો રાજયની એક લાખ કે તેથી ઓછી વસ્તી ધરાવતી "અ" વર્ગ સિવાયની નગરપાલિકાઓને લાગુ પડશે. |
| (૩) | વ્યાખ્યા | : "ચૂંટણી" એટલે નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અથવા મધ્યસત્ર ચૂંટણી અથવા નગરપાલિકાના કોઈ વોર્ડની ખાલી પડેલ જગા ઉપર કરવાની થતી ચૂંટણી. |
| (૪) | ચૂંટણી અંગેનું ખર્ચ રાજય સરકારે આપવા બાબત. | : નગરપાલિકાના ચૂંટણી પ્રસંગે રાજય સરકાર મતદાન મથક દીઠ રૂા.૧૨,૦૦૦/- અથવા ખરેખર થયેલ ખર્ચ, તે બેમાંથી જે ઓછું હોય તેટલું સહાયક અનુદાન તરીકે આપશે. |
| (૫) | આ અનુદાનની રકમમાંથી ફકત નીચે દર્શાવ્યા મુજબની બાબતો માટેજ ખર્ચ કરી શકશે. | : ૧. ચૂંટણી માટે મતદાર યાદી તૈયાર કરવાનો તથા છપાવવાનો ખર્ચ.<br>૨. ચૂંટણી માટે સરકારે મંજૂર કરેલ મહેકમના પગાર ભથ્થાનું ખર્ચ.<br>૩. ચૂંટણી પ્રસંગે મતદાન અંગેની કામગીરી માટે રોકેલ પ્રીસાઈડીંગ ઓફિસર, આસીસ્ટન્ટ પ્રીસાઈડીંગ ઓફિસર વિ.ને ચૂકવવાના થતા ભથ્થાનું ખર્ચ.<br>૪. મતપત્રો તથા ચૂંટણી સંબંધી સ્ટેશનરી, અવિલોપ્ય શાહી, સિક્કા, મતકુટિર વ્યવસ્થાનું ખર્ચ, ચૂંટણી સામગ્રી ફાળવણીની વ્યવસ્થા વગેરે મતદાન મથક પર આવશ્યક પર ભાડેથી લાવવાનું રહેશે.<br>કલેકશન મથકો તથા ગણતરી કેન્દ્રો ઉપરની આવશ્યક જરૂરિયાત માટેનું ખર્ચ, પરંતુ પુનઃમતદાન કરવાના પ્રસંગે આ અનુદાનની રકમમાંથી ખર્ચ કરી શકાશે નહીં.<br>૫. અનુદાનની રકમમાંથી, વાહન, ફર્નિચર, જાહેરાત, ટેલીફોન, ફેકસ વગેરેનું ખર્ચ કરી શકાશે નહીં. |
| (૬) | અનુદાનનું બેંકમાં ખાતુ ખોલાવવા તેમજ નિભાવવા બાબત. | : ચૂંટણી ખર્ચ માટે મળેલ અનુદાનની રકમ નગરપાલિકાએ ચૂંટણી અધિકારી તથા નગરપાલિકાના મુખ્ય અધિકારીનું સંયુકત ખાતુ રાષ્ટ્રીયકૃત બેંકમાં ખોલાવવાનું રહેશે. જે આ બંને અધિકારીઓની સંયુકત સહીથી કાર્યાન્વિત થશે. |
| (૭) | અનુદાનની ફાળવણી બાબત. | : આ અંગેનું અનુદાન ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ મારફતે નગરપાલિકાને ચૂકવવામાં આવશે. |

(૮) ચૂંટણી અધિકારીએ અનુદાનમાંથી કરેલ ખર્ચના હિસાબો : ચૂંટણી અધિકારીએ અનુદાનમાંથી કરેલ ખર્ચનાં હિસાબો ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદના ૩૦ દિવસમાં મોકલવાના રહેશે. તથા મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા સંકલિત હિસાબો શહેરી વિકાસ વિભાગને ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદના ૬૦ દિવસમાં પૂરા પાડવાના રહેશે.

(૯) અનુદાનની બચતની રકમ પરત કરવા બાબત. : ચૂંટણી બીન હરીફ થવાના પ્રસંગે, જે તે મતદાન મથક માટે મતદાર યાદી તૈયાર કરવાના તથા છપાવવાના જેવા ફરજિયાત ખર્ચને બાદ કરતાં વધેલી રકમ જે તે નગરપાલિકાએ એક માસમાં ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને પરત સોંપવાની રહેશે. જો તેમ કરવામાં નહિ આવે તો, પછીનાં માસથી સરકારનાં નિયમોનુસાર દંડનીય વ્યાજ લાગુ પાડવામાં આવશે. જેની જવાબદારી નગરપાલિકાનાં મુખ્ય અધિકારીની તેમજ ચૂંટણી અધિકારીની રહેશે.

(૧૦) ખર્ચ કરવાની કાર્યપધ્ધતિ : અનુદાનમાંથી ખર્ચ કરતી વખતે ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ નાં પ્રકરણ-૭ હેઠળ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓને સહાય આપવા અંગેની જે જોગવાઈઓ છે તેનું તથા રાજ્ય સરકારની વખતો વખતની સ્થાયી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. આ અંગેની જવાબદારી ચૂંટણી અધિકારી તથા ચીફ ઓફિસરની રહેશે.

(૧૧) ઓડીટ : અનુદાનમાંથી કરવામાં આવેલ ખર્ચ તથા હિસાબનું ઓડિટ નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ અને હિસાબ દ્વારા કરવામાં આવશે.

આ નિયમોનો અમલ ફેબ્રુઆરી-૨૦૦૩ માં યોજાયેલ ચૂંટણીઓ માટે ફાળવેલ અનુદાનથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧/૪/૨૦૦૩ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રમણી મહેરિયા )
નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

પ્રતિ,
→ ગુજરાતનાં રાજયપાલશ્રીનાં સચિવશ્રી.

- → મુખ્યમંત્રીશ્રીનાં અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- → માન.મંત્રીશ્રી(શ.વિ) નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- → સચિવશ્રી, રાજય ચૂંટણી પંચ, સચિવાલય, ગાંધીનગર(અલગ પત્ર દ્વારા )
- → અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- → નાણાકીય સલાહકારશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- → સર્વે અધિકારીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- → મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, અમદાવાદ.
- → નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- → પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, રાજકોટ.
- → સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ,
- → વિભાગની સર્વ શાખાઓ.
- → સિલેકટ ફાઈલ/શાખા/ચૂંટણી/નાયબ સેકશન અધિકારી.